# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## શુક્રવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦

## બપોરે ૧૨:૦૦વાગ્યે

1.

(રાજ્યપાલશ્રી બપોરે ૧૨-૦૦ વાગ્યે વિધાનસભાને સંબોધન કરશે.
રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ સભાગૃહની બેઠક મળશે.)

(1)
રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવી

.....સચિવશ્રી , ગુજરાત વિધાનસભા

2.
રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)

3.
અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯નાં વિધેયક ક્રમાંક-૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, અને ૩૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

..........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા

4.
કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

........માનનીય અધ્યક્ષશ્રી

5. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય."

6.
વૈધાનિક પ્રસ્તાવ (નિયમ-૧૦૦)( ૬૦ મિનિટ)

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો પ્રસ્તાવ :-

"That this House ratifies the amendments to the Constitution of India falling within

the purview of clause (d) of the proviso to clause (2) of article 368, proposed to be made by the Constitution (One Hundred and Twenty - Sixth Amendment) Bill, 2019, as passed by both the Houses of Parliament."

## ગુજરાતી અનુવાદ

"આ ગૃહ, સંસદના બંને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો છવ્વીસમા સુધારા) વિધેયક, ૨૦૧૯થી, ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ (૨)ના પરંતુકના ખંડ (ઘ)ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે."

7.

## વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ
## માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા નો પ્રસ્તાવ

ધર્મના આધારે જ જે રાષ્ટ્રનું નિર્માણ થયેલ છે તેવા પાકિસ્તાનમાં વસતો લઘુમતિ હિંદુ સમાજ સતત થતા અત્યાચાર તેમજ ત્યાંના વિધર્મી, આપખુદ સરમુખત્યાર શાસકો અને ધર્માંધ રૂઢિચુસ્ત મુલ્લા મૌલવીઓના અમાનુષ અત્યાચારનો સતત ભોગ બનતો રહેલ છે.

બળજબરીપૂર્વકનું ઈસ્લામીકરણ, હિંદુ, શીખ, જૈન, બૌધ્ધ તથા ઈસાઈ સમુદાયની યુવતીઓનું અપહરણ કરવું અને બાદમાં મુસ્લિમ ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડી નિકાહ પઢાવવા, થોડા સમયમાં તલ્લાક આપી દેવા કે બળજબરીપૂર્વક દેહવ્યવસાયમાં ધકેલી દેવાની કમકમાટીભરી વણથંભી ઘટનાઓની હારમાળા, વંશીય હુમલાઓ, હિંદુઓના ધાર્મિક સ્થાનોને ધ્વંસ કરવાની કટ્ટરવાદીઓની પ્રવૃત્તિ, હિંદુઓની મિલકતો પચાવી પાડવાની ઘટનાઓ, સાંસ્કૃતિક ભેદભાવ અને ધાર્મિક દમનની બર્બરતાપૂર્ણ ઘટનાઓને કારણે પાકિસ્તાન, બાંગ્લાદેશ કે અફઘાનિસ્તાનમાં વસવાટ કરતો હિંદુ લઘુમતિ સમાજ ભયભીત બની ગયેલ છે.

આવી ઘટનાઓને કારણે ત્યાં વસતા હિંદુ, શીખ, જૈન, પારસી, બૌધ્ધ તથા ઈસાઈ સમુદાયના લોકોને ન છૂટકે પોતાના ઘરબાર તેમજ ધંધા રોજગાર છોડી ભારત તરફ સ્થળાંતર કરી શરણ લીધા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

ભારતીય સંસ્કૃતિ અને સમરસતાની વિચારધારાને વરેલી ભારત દેશની પ્રજાએ આવા લોકોને આશરો જ આપ્યો એટલું જ નહિ પરંતુ ધંધા રોજગારમાં સહાયરૂપ બની તેઓને પગભર કરવામાં પણ પોતાનો હાથ લંબાવ્યો. આજે પાકિસ્તાન, બાંગ્લાદેશ કે અફઘાનિસ્તાનમાંથી સ્થળાંતર કરીને ભારતમાં આવેલા આવા લોકો દેશના મુખ્ય પ્રવાહમાં ભળી ગયા છે અને તેઓ ભારતના જ સંતાનો છે.

ભૂતકાળની સરકારો દ્વારા તૃષ્ટીકરણની નીતિને કારણે આવા લોકોને તેમના નાગરીકત્વ સહિતના બંધારણીય અધિકારોથી આજદિન સુધી વંચિત રખાયા હતા. કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષના નેતૃત્વમાં રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી સંવેદનશીલ લોકાભિમુખ સરકાર રચાતા આ પ્રશ્નને સાચી દિશા મળી અને આવા શરણાર્થીઓને મદદ કરવાની આપણા સૌની નૈતિક ફરજ નિભાવી ડિસેમ્બર-૨૦૧૪ સુધી પાકિસ્તાન, બાંગ્લાદેશ તથા અફઘાનિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલા આપણા જ બંધુઓ તેવા હિંદુ, શીખ, જૈન, પારસી, બૌધ્ધ તથા ઈસાઈ સમુદાયના લોકોને નાગરિકતા બક્ષવા ભારતના લોક લાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી આદરણીયશ્રી અમિતભાઈ શાહની દૂરંદેશીથી ધી સીટીઝનશીપ એક્ટ, ૧૯૫૫માં સુધારો કરવાનો એક હિંમતભર્યો અને ઐતિહાસિક નિર્ણય રાષ્ટ્રહિતમાં કેન્દ્ર સરકારે લીધો. આમ થવાથી ડિસેમ્બર - ૨૦૧૪ સુધીમાં ઉપરોક્ત દર્શાવેલ દેશોમાંથી ભારતમાં આવેલ જે તે સમુદાયના લોકો ગેરકાયદેસર સ્થળાંતર કરનાર નહિ ગણાય અને તેઓને ભારતની નાગરિકતા પ્રાપ્ત થતા તેઓના જીવનમાં સ્થિરતા અને ખુશાલીનો માહોલ આવશે. કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વો અને રાજકીય પક્ષો પાકિસ્તાનમાં ત્યાંની લઘુમતિઓ પર થતા અત્યાચાર બાબતે મોં પર તાળા લગાવી બેઠા છે અને બીજી બાજુ ધી સીટીઝનશીપ (એમેન્ડમેન્ટ) એક્ટથી લઘુમતિ સમુદાયના લોકોના નાગરિકત્વના હક્કો છીનવાઈ જશે તેવો ભ્રમ સમાજમાં ફેલાવી રહ્યા છે.

સીટીઝનશીપ (એમેન્ડમેન્ટ) એક્ટ માત્રને માત્ર નાગરિકત્વ બક્ષતો કાયદો છે અને તેના કારણે ભારતના લઘુમતિ સમુદાયના લોકો સહિત કોઈપણ વ્યક્તિના નાગરિકત્વને અસર થવાની નથી ત્યારે લાખો લોકોને ફરી યાતનાઓ ભોગવવી ન પડે તેવા માનવીય અભિગમ ધરાવતા કેન્દ્ર સરકારના આ ઐતિહાસિક નિર્ણયને આ સભાગૃહ આવકારે છે તથા તેને સમર્થન આપે છે.

**(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી),** **(શ્રી ડી. એમ. પટેલ),**

I I

******************